



# દિવ્યદીપ

વર્ષ ૨જું
અંક ૧૦

# પૂર્ણતા કે શૂન્યતા?

થોડાક થાકેલા માણસોને ભેગા કરી સૂરીલા મધુર શબ્દોમાં એ ભાઇ કહી રહ્યા હતા; મનને શૂન્ય કરો, સતત એ જ વિચાર કરો કે હું શૂન્યમાં જઈ રહ્યો છું. હું શૂન્ય છું, વિચાર વિહૂણા બનવા માટે વિચારો કે હું શૂન્યમાં જઇ રહ્યો છું.

પ્રથમ શ્રવણે ગમી જાય એવી આ વાત છે. શૂન્ય થાઓ એટલે અંદર કંઇક ભરી શકાય. પણ ચૈતન્યના જ્ઞાન પ્રકાશમાં આ ચિન્તન પદ્ધતિ કેવી નકારાત્મક લાગે છે? આમાં વિવેક ન રહે તો આ પદ્ધતિ કેવી આત્મઘાતક બની શકે તે વિચારીએ.

આત્મા જે પૂર્ણ છે, જ્ઞાનથી પરિપૂર્ણ છે. આનંદથી સભર છે. શાશ્વત છે, તેમાં શૂન્યતાની વિચારણા લાવવી? જે સત્, ચિદ, અને આનંદમય છે એની અનુભૂતિ કરવાને બદલે શૂન્યતાનો વિચાર કરવો?

હું પૂર્ણ છું. એમ સ્વના પ્રકાશમાં સ્વ સંવેદન કરવાને બદલે વિચારના વંટોળિયા દ્વારા ઊભા કરેલા ધુમ્મસમાં હું ખાલી છું એવો આભાસ સર્જવો? જીવન જે હકારાત્મક છે તેને શું નકારાત્મક જોવું?

એક પ્યાલામાં થોડું પાણી છે. શૂન્યતાદર્શી કહેશે. પ્યાલો અર્ધો ખાલી છે. પૂર્ણતાદર્શી કહેશે: પ્યાલો અર્ધો ભરેલો છે.

શૂન્યતાને જે ખાલી દેખાય છે તેજ વસ્તુ પૂર્ણતાપૂત દૃષ્ટિને ભરેલ જણાય છે. વસ્તુને કયા દૃષ્ટિ કોણથી જોવામાં આવે છે, તે પરથી પદાર્થનો પરિચય પૂર્ણ યા અપૂર્ણ થાય છે.

ક્રાઈસ્ટે પણ કદાચ આજ વાત ધ્યાનમાં લઈને કહ્યું હશે: "As a man thinketh in his heart so is he". માણસનાં ચિન્તન, વિચાર અને લાગણીઓ એના કાર્ય અને જીવનને આકાર આપતાં હોય છે. અને અંતે માણસ એવો થઈ જાય છે.

સિંહનું બચ્ચું પણ બકરાના ટોળામાં વસી વિચારે કે. હું બકરું છું તો કાળે કરી એ સિંહબાળ જેવું સિંહબાળ પોતાના આત્મવીર્યને ગુમાવી ઘેટા જેવી ચેષ્ટા કરતું થઇ જાય છે. ડરી ડરીને ભાગતું થઈ જાય છે.

માણસ વિચારે કે હુ ખાલી છું, શૂન્ય છું. શૂન્ય થાઉ છું. તો વર્ષો જતાં આ વિચારના ધુમ્મસમાં શૂન્ય જેવો મૂઢ થઈ જાય તોય નવાઈ નહિ. કારણ કે એના વિચારે જ એને ઘડયો છે. એને આકાર આપ્યો છે. એના વિચાર એ જ એનું સર્જન છે.

મુનિશ્રી ચિત્રભાનુ

# ભ. મહાવીરના જન્મ કલ્યાણકની વિચાર ઝરમર

મુંબઇના ઇતિહાસમાં અપૂર્વ કહી શકાય એવી વિરાટ સભા તા. ૧૩-૪-૬૫ના મંગળવારની સાંજે ચોપાટીના સાગર તટે પ્રભુ મહાવીરનો જન્મ કલ્યાણક ઉત્સવ ઉજવવા મળી હતી.

'દિવ્યજ્ઞાન સંઘ' પ્રેરિત મુંબઇના સર્વ કોમના આગેવાન પ્રતિનિધિઓની બનેલી નાગરિક સમિતિ તરફથી આ વિરાટ સભા યોજવામાં આવી હતી જેના ચેરમેન નગરપતિ શ્રી એમ. માધવન હતા; અને સભાના પ્રમુખ મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી વસંતરાવ પી. નાયક હતા; તેમજ અતિથિવિશેષ મહારાષ્ટ્ર વિધાન સભાના અધ્યક્ષ શ્રી વી. એસ. પાગે હતા.

પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીની પ્રેરણાથી મળેલી આ લાખ લાખ માનવોની મેદનીને જોતાં માણસોનાં હૃદય ગજગજ ઊછળતાં હતાં. પ્રભુ મહાવીરના અહિંસાધર્મની આ એક અવર્ણનીય ગૌરવગાથા હતી. સભાની શરૂઆતમાં પ્રભુ મહાવીરની છબીને વંદન કરી પૂ. તપસ્વિની સાધ્વીજી મહારાજશ્રી વસંતશ્રીજીએ મંગળાચરણ કર્યું. ત્યારબાદ પ્રસિદ્ધ સંગીતજ્ઞ મધુબાલા ઝવેરીએ 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' એ પ્રાર્થના ગીત ગાયું.

મહાસતી શ્રી ચંદશ્રીજીએ કહ્યું, "ભગવાન મહાવીરે નિરુપણ અને પરિષ્કારને સમાન રૂપથી મહત્ત્વ આપ્યું છે. નિરુપણ જીવનમાં માર્ગદર્શક થઇ શકે છે, પરંતુ ગતિ ન લાવી શકે જ્યારે પરિષ્કાર જીવનને ગતિ આપી શકે છે, પરંતુ માર્ગદર્શન નહીં. બંને એકબીજાનાં પૂરક છે. એકના અભાવે બીજાની કાર્યસિદ્ધ અપૂર્ણ રહે છે."

એટલામાં શ્રી વી. પી. નાયક પધારતાં જૈન સ્વયં સેવક મંડળના યુવાનોએ બેન્ડથી સ્વાગત કર્યું. મંચ પર આવતા એમના અને અતિથિવિશેષના હાથે જુદા જુદા પિંજરામાં પૂરાયેલાં અનેક કબૂતર, પોપટ, પંખીઓને બંધનથી મુક્ત કરવામાં આવ્યાં હતાં. આ રીતે ભગવાન મહાવીરના જન્મનું પ્રતિકાત્મક ગૌરવ કરવામાં આવ્યું. હતું.

એ પછી મુંબઇના નગરપતિ શ્રી એમ. માધવને અંગ્રેજીમાં પ્રભુ મહાવીરને શ્રદ્ધાંજલિ અર્પતાં કહ્યું, "સત્ય અને અહિંસાના ફીરસ્તા પ્રભુ મહાવીરને હું હાર્દિક વંદન કરું છું. પ્રભુ મહાવીર એ માનવજાત માટે એક પ્રેરણાના શ્રોત હતા. એમણે પડેલા માનવને ઊભો કર્યો; ને અહિંસા અને સત્યના માર્ગે ચઢાવ્યો. એમણે ચીંધેલા માર્ગ પર ચાલવાથી જ માનવનું કલ્યાણ થવાનું છે. એમના જન્મદિનને આપણી નગરી એટલા માટે ઉજવે છે કે જેથી એમનો પ્રકાશ આપણા હૃદયમાં આવે અને અંધકારમાં પણ આપણો રસ્તો આપણને જડે...."

પારસી ધર્મના વડા શ્રી દસ્તુરજી દાબુએ કહ્યું કે "ભગવાન મહાવીર કેવળ ભારતના જ નહીં, જગતના પણ મહાન શિક્ષક છે. માનવીઓ ત્રસ્ત થઇ જાય છે અને અધર્મ ફેલાય છે ત્યારે આવા દિવ્ય વીરો પ્રગટે છે. અને માનવ ધર્મની ફરી પ્રતિષ્ઠા કરે છે....આવા મહાવીરોનાં જીવન કહે છે કે તલવારથી જગત જિતાતું નથી, પણ આત્માનાં બળ વડે જગત જિતાય છે. ભગવાન મહાવીરે આત્માનું સાચું રાજ્ય સ્થાપ્યું હતું. મન, વચન અને કર્મની હિંસા અને પશુહિંસા ટાળવાનો ભગવાન મહાવીરે ખાસ સંદેશો આપ્યો હતો......"

રાષ્ટ્રભાષા હિન્દીમાં આ વિરાટ સભાને સંબોધતાં પૂ મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) એ કહ્યું:-

"તૃષાતુર માણસ જેમ પાણી માટે પ્રાર્થના કરે અને એના જવાબરૂપે પાણી મળે તેમ પ્રકાશ માટે પ્રાર્થના કરતી માર્ગભૂલેલી માનવજાતને પ્રભુ મહાવીર મળ્યા.

પ્રકાશના આગમન પૂર્વે અવ્યવસ્થા અને ત્રાસ હોય છે, એવું જ કંઇક પ્રભુના આગમન પૂર્વે પણ હતું.

રાજાઓ સત્તા અને યુદ્ધના રણક્ષેત્રમાં જ મસ્ત હતા. બ્રાહ્મણો જાતિ અને શબ્દજ્ઞાનના ઘમંડમાં ચકચૂર હતા, વૈશ્યો ધનોપાર્જન અને વિલાસમાં ડૂબ્યા હતા. શૂદ્રો અને ગુલામો ત્રાસ અને અપમાનના ઝેરી ઘૂંટડા ઉતારી દિવસો વિતાવતા હતા. આ બધાને પ્રકાશની જરૂર હતી. માર્ગદર્શકની જરૂર હતી, સિદ્ધાંતોને સિદ્ધાન્તમાંથી બહાર કાઢી સદાચરણ દ્વારા જીવનમાં ઊતારી માર્ગદર્શક બને એવા ભોમિયાની જરૂર હતી.

માનવતા નવો પ્રકાશ ઝંખતી હતી. એ પ્રકાશ દુનિયાને પ્રભુ મહાવીરના જીવન દ્વારા સાંપડયો.

મહાવીર ઈશ્વરમાંથી માનવ નથી બન્યા, પણ માનવમાંથી ઈશ્વર બન્યા. કેરીના ગોટલામાં જેમ આમ્ર છુપાયેલો છે, તેમ આ માનવમાં ભગવાન છે. એને પ્રગટ કરવાનો છે. એની દિવ્યતા પર આવેલ આવરણને હઠાવી એનો ઉઘાડ કરવાનો છે. પામર મનુષ્યમાંથી પ્રભુ કેમ બની શકાય છે તે પ્રભુએ પોતાના જીવન દ્વારા જગતને શિખવ્યું છે.

એ કોઈ પંથ કે સંપ્રદાય સ્થાપવા નહોતા આવ્યા. પણ પંથ અને સંપ્રદાયોનાં વાડામાં પુરાયેલા માનસને બહાર કાઢવા ઘુમ્યા હતા.

તેમજ પ્રાણીઓની કતલનો વિરોધ કરતાં તેમણે જણાવ્યુ હતું કે "મુંગા પશુઓની કતલ કરવાનો આપણને શું અધિકાર છે? જાનવરો-પશુઓ આપણા નાના ભાઈઓ છે તેમનું રક્ષણ કરવાની આપણી ફરજ છે..............."

મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષ શ્રી વી. એસ. પાગે પોતાની વિદ્વતાભરી લાક્ષણિક શૈલીમાં જુસ્સાદાર મરાઠી ભાષામાં બોલતાં જણાવ્યું કે :-

"અઢી હજાર વર્ષ પૂર્વે થયેલા ભગવાન મહાવીરે પોતાના ત્યાગ, તપશ્ચર્યા અને સત્યાચરણ વડે એવો તો મહાન પ્રભાવ પાડયો કે એનાં અનેક વિશાળ પરિણામો ભારતભરમાં નીપજ્યાં હતાં. બીજા ધર્મોમાં પણ અહિંસાની વાત તો આવે છે પણ તે શાસ્ત્રોમાં જ છે. જ્યારે ભગવાન મહાવીરે તો એ અહિંસાના ઉપદેશને વ્યવહારમાં અને જીવનમાં ઉતારી એને સામાજિક રૂપ આપ્યું. તેથી અહિંસા માત્ર શબ્દમાં જ ન રહેતાં જીવન અને જગતમાં આવી. એનું શુદ્ધ પરિણામ આજ આપણે જૈનોમાં જોઇ શકીએ છીએ.

એમણે વ્રતોમાં અહિંસા અને નીતિમાં નમ્રતા અને અનેકાન્તવાદને મૂકી. એની સમતુલા કરી. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક જેવી નયની સૂક્ષ્મ દૃષ્ટિદ્વારા તત્ત્વની શોધ કરવાની એક વિરલ દૃષ્ટિ આપી, અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રને સમન્વય અને સત્યની એક નવી ભેટ મળી.

ભગવાન મહાવીરે સર્વત્ર માનવધર્મનાં સાચાં મૂલ્યોનું ગૌરવ વધાર્યું. અહિંસાની સામાજિક પ્રતિષ્ઠા કરવાનું કાર્ય જૈનધર્મે કર્યું છે. ગાંધીજીએ અહિંસાને સામાજિક અને રાજકીય પ્રતિષ્ઠા અપાવી અને ભગવાન મહાવીરના સંદેશાને વ્યાપક બનાવ્યો. માનવતાનાં સાચાં મૂલ્યોની પ્રતિષ્ઠા થઈ......"

શુદ્રથી સત્તાધીશ સુધીના પ્રત્યેક સ્તરના માનવીને આ વાત સ્પર્શતી અને એમનો આત્મા જાગી ઊઠતો. એ પંથના ભેદ વિના સત્ય અને અહિંસાને માર્ગે ચાલતો. અને મુક્તિનો મંગળમય પ્રકાશ મેળવતો.

પ્રભુનો આ ઉપદેશ માત્ર કોઇ અમુક કોમ કે જાત માટે જ નથી. સર્વ માટે છે. પ્રાણી માત્ર માટે છે. એને દિવાલોમાં પૂરી રાખવો ઉચિત નથી. સંપ્રદાયોની દિવાલો તૂટે અને ભગવાન મહાવીરનો આ પ્રકાશ વિશ્વ ભરમાં ફેલાય એવું પ્રભાત જોવાની મારી એક અદમ્ય મુગ્ધ તમન્ના છે."

આગળ ચાલતાં પૂ. મુનિશ્રી ચિત્રભાનુએ કહ્યું: ભગવાન મહાવીર પ્રકાશના પ્રતીક હતા. અહિંસાનું જીવંત દૃષ્ટાંત હતા. અનેકાન્તવાદના પ્રેરક હતા. પ્રભુનો મુખ્ય સંદેશો અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તવાદનો છે.

હિંસાથી હિંસાનો જ જન્મ થાય છે. જે વાવો છો તે જ ઊગે છે. હિંસા વાવો ત્યાં અહિંસા કેમ ઉગે ?

વિશ્વનો એ નિયમ તો યાદ હશે જ કે જે વિચાર તમે વિશ્વમાં ફેંકો છો તે ફરીને પાછો તમારે ત્યાં જ આવીને ઊભો રહે છે. હા, એને પાછો આવતાં કદાચ વાર લાગે, પણ આવ્યા વિના ન રહે. આજ નહિ તો કાલ, કાલ નહિ તો દશ વર્ષ પછી, દશ વર્ષ પછી નહિ તો આવતા જન્મે પણ એ વિચાર પાછો તમને મળ્યા વિના નહિ રહે એ મળશે જ. તો તમે હિંસાના વિચાર વિશ્વમાં ફેંકો તો હિંસા તમારા પર આવ્યા વિના તમને કેમ છોડશે ?

એક વાત વિચારવાનુ કહું ? દુનિયાના પશ્ચિમ દેશોમાં આટલાં યુધ્ધ થયાં, માણસો કપાયા, લગભગ દરેક કુટુમ્બે પોતાના એક સ્વજનને યુધ્ધમાં ગુમાવ્યો, અને ભારત આટલું શાન્તિથી જીવી શકયું તેનું કારણ શું ?

એમ નથી લાગતું કે બીજા દેશોમાં જેટલી હિંસા છે તેના પ્રમાણમાં અહીં ઓછી છે? એટલે જ તો આપણે ત્યાં યુધ્ધની હિંસાનાં ચક્રો નથી ફરી વળ્યાં. ખરી રીતે ભારતે શું દુઃખ જોયું છે? દુઃખ તો પશ્ચિમનાં માણસોએ જોયું છે; જે સાંભળતાં પણ ત્રાસ છૂટે છે. અહીં તો કેટલાંક માણસો નાનાં દુઃખને મોટું કરી ગાતા થઇ ગયા છે.

આપણે જો હિંસાના વિચાર અને આચારથી નહીં અટકીએ તો આપણે કઇ પરિસ્થિતિમાં મુકાઈ જઇશું તે વિચારવા જેવું છે

અમારું, સાધુઓનું કામ વિચારો મૂકવાનું છે. એને આકાર આપવાનું કામ તો આ માનનીય સત્તાધીશોનું છે. હું જોઇ શકયો છું કે પહેલે વર્ષે એક દિવસ કતલખાનું બંધ રાખવાના વિચારને આપણા ભૂતપૂર્વ મેયર શ્રી ઇસાકભાઇએ આકાર આપ્યો.

બીજે વર્ષે આઠ દિવસ કતલખાનાં બંધ રાખવાનો વિચાર મૂકયો તો કોર્પોરેટરોની સહાયથી બીજા વર્ષના મેયર ડો. શ્રી દિવગીએ એને આકાર આપ્યો.

આજ તો આનંદનો વિષય છે કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનશ્રી, વિધાન પરિષદના અધ્યક્ષશ્રી અને નગરપતિ શ્રી એમ ત્રિવેણી સંગમ છે હવે તો અહિંસાનું કાર્ય ખુબ જ વેગથી આગળ વધશે અહિંસાના આ કાર્ય કરનારા મહાનુભાવોને હું તો શું આપું ? માનવી માનવીને આપી પણ શું શકે, સિવાય કે હાર્દિક શુભેચ્છા !

પણ પેલા મૂંગા જીવોના આશીર્વાદ જીવનને નવપલ્લવિત બનાવ્યા વિના નહીં રહે.

પરિગ્રહ વિષે બોલતાં પૂજ્ય મુનિશ્રીએ કહ્યું: સંગ્રહથી માણસનું પતન થાય છે. પરિગ્રહવાળા ધનિકના પુત્રોને ખબર નથી કે ધનની શું કિંમત છે! એ લોકો વિના મૂલ્યે વસ્તુને વેડફી રહ્યા છે. જ્યારે બીજી બાજુ માણસો જીવનનિર્વાહના પૂરતાં સાધનોના અભાવે ટળવળી રહ્યા છે, તરફડી રહ્યા છે.

એક બાજુ ટેકરો છે ને બીજી બાજુ ખાડો છે. એકને કૉન્સ્ટીપેશન છે ને બીજાને ડાયરિઆ છે, કબજિયાત અને સંગ્રહણીનાં રોગ છે. બંને બિમાર છે. શ્રીમંત કે ગરીબ કોઇ સ્વસ્થ નથી. સુંદર સ્વસ્થતા ભગવાને બતાવેલ અપરિગ્રહના માર્ગથી જ આવી શકે તેમ છે. પરિગ્રહ પતન છે. પ્રેમ પ્રકાશ છે.

પ્રભુ મહાવીરનો સૌથી શ્રેષ્ઠ વિચાર તે અનેકાન્ત-વાદ છે. અનેકાન્તવાદની સમન્વય દૃષ્ટિ એ પ્રભુ મહાવીરની દુનિયાને અપૂર્વ ભેટ છે. ભ. મહાવીરે માણસોને નાની નાની વાત પર લડતા જોયા. ધર્માચાર્યોને વાણીના મેદાનમાં વાગયુદ્ધ કરતા જોયા અને એમણે એ પણ જોયું કે એ જે વાત માટે આ યુદ્ધે ચઢયા તે વસ્તુ તો એમના વચ્ચેથી સરકીને દૂર ને દૂર જઇ રહી છે. એટલે એમણે સમન્વયની આ સ્યદ્વાદ દૃષ્ટિને સમાજમાં પુનઃ પ્રતિષ્ઠાપિત કરી. એક માણસ બીજા માણસને સમજી શકે એવી વિશિષ્ટતા આ દૃષ્ટિમાં છે. વિજ્ઞાનની ભાષામાં આને Forth Dimension કહી શકાય. જે ઊંચાઇ, પહોળાઇ અને લંબાઈથી પર એવું એક ચોથું માપ છે. વસ્તુને સમજવા સપ્રમાણ તેજછાયા જોઇએ. સપ્રમાણ અંતર જોઇએ. સપ્રમાણ દૃષ્ટિ જોઇએ તો જ વસ્તુ વસ્તુ રૂપે દેખાય.

અનેકાન્તની દૃષ્ટિમાં એકાન્તનો કદાગ્રહ નહિ. કોઇ વસ્તુ એવી નથી જેને એક જ છેડો હોય. માણસ વસ્તુનો એક અંત જુએ અને બીજા અંત સામે પીઠ ફેરવી ઊભો રહે તો વસ્તુનું પૂર્ણ દર્શન ન થાય. આ વિચારણા દ્વારા જડ અને ચેતન; જગત અને જીવ સપ્રમાણ સમજાય છે.

વ્યવહારની ભાષામાં પણ તમે આ વસ્તુ જુઓ છો ને? કોઇ પૂછે: "શું કરો છો?" કહે: "ઘઉં વીણુ છું." સાચું શું છે? કાંકરા વીણે છે. પણ એનો અર્થ સમજી લેવાય છે. આ અનેકાન્ત છે.


માણસને માણસની નજીક લાવવા, વસ્તુને વિવિધ દૃષ્ટિબિન્દુથી સમજવા આ દૃષ્ટિ અનિવાર્ય છે. આ દૃષ્ટિ માનવ જાત અપનાવે તો ઘર ઘરમાં સમજણ આવે, એક રાષ્ટ્ર બીજા સામા રાષ્ટ્રનું દૃષ્ટિબિન્દુ સમજી શકે અને કલહ, યુદ્ધ અને તંગદીલી ઓછી થાય........પ્રભુ મહાવીરે આપેલો પ્રકાશ આપણા સૌના હૃદયમાં સદા પ્રકાશ પાથરતો રહો અને આપણે એમના ચિંધેલા માર્ગે ચાલી એવા બનીએ કે જેથી પેલા કવિની કવિતા સાચી પડે :—

**जिन्दगी ऐसी बना। जिन्दा रहे दिलशाद तू॥**
**जब न हो दुनियाँमें तो। दुनियाँको आये याद तू॥**

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી વસંતરાવ નાયકે સભાને સંબોધન કરતાં જણાવ્યું કે ભારત પાસે ધન કે સમૃદ્ધિ નથી. પરંતુ માનવતાની સમૃદ્ધિ તો કેવળ ભારતમાં જ છે, અન્ય દેશોમાં નથી. આ માનવતાની સમૃદ્ધિ ભગવાન મહાવીર જેવા નરોત્તમ પુરુષોનાં પ્રતાપે સર્જાઇ છે. ભૌતિક લાભોમાં રત રહેવાને બદલે આધ્યાત્મિક ઉન્નતિમાં રત રહેવાનો ઉપદેશ ભગવાન મહાવીરે આપ્યો હતો.

આગળ વધતાં કહ્યું કે, પ્રાચીન વૈદિક ધર્મમાં કાળક્રમે કેટલીક ક્ષતિઓ પ્રવેશી જતાં તે સુધારવા અને જનતાને સત્ય અને અહિંસાના સાચા માર્ગે લઇ જવા માટે ભગવાન મહાવીર ભારતમાં પ્રગટયા હતા. એ મહાન પુરુષે માનવતાને ઉંચે લાવવા

## –: ચોપાટી તટપર ભગવાન મહાવીર જયંતિ પ્રસંગે, વ્યાસ પીઠનું દ્રશ્ય :–




જમણી બાજુથી : દિવ્યજ્ઞાન સંઘના પ્રમુખ શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ, મુનિશ્રી બળભદ્રસાગર, પૂજ્ય મુનિશ્રી ચિત્રભાનુ મહારાજ, મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી વી. પી. નાયક, શ્રીમતિ વી. પી. નાયક, મ્યુ. સ્ટેંડીંગ કમિટિના ચેરમેન શ્રી જીવરાજ ભાણજી શાહ, મુંબઈના મેયર શ્રી એમ માધવન, મહારાષ્ટ્ર રાજ્ય વિધાન સભાના ચેરમન વી. એસ. પાગે બિરાજેલા દેખાય છે.

# ભગવાન મહાવીરની જયંતિ પ્રસંગે ચોપ



ભગવાન મહાવીરના નિર્વાણને પચ્ચીસો વર્ષ પૂરાં થાય, ત્યારે વિશ્વભરમાં ભ. મ
તા. ૧૩-૪-૬૫ના ચૈત્ર સુદ ૧૩ ને મંગળવાર સાંજે ૬ વાગે મુંબઈના સાગર તટે
મળેલી લાખોની સંખ્યામાં અભૂતપૂર્વ વિરાટ માનવ મેદની ચારે તરફ
શ્રી વસંતરાવ પી. નાયક, અતિથિ વિશેષ તરીકે મહારાષ્ટ્ર વિધાન સભાના
શ્રી એમ. માધવન

# ટીના સાગર તટે ઉમટેલી માનવ મેદની




ના નિર્વાણનો ઉત્સવ ઉજવવાના ભવ્ય સ્વપ્નની ઝાંખી કરાવતી વિરાટ સભાનું દ્રશ્ય.
રમ પૂજ્ય મુનિશ્રી ચિત્રભાનુના સાનિધ્યમાં ભગવાન મહાવીરની જયન્તિ ઉજવવા
તરેલી જણાય છે. સમારંભના પ્રમુખસ્થાને મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન
રમેન શ્રી વી. એસ. પાગે, સીટીઝન કમીટીના ચેરમેન મુંબઇના નગરપતિ
ગેરે આવી રહ્યા છે.

# "ભગવાન મહાવીર જયન્તિ"

## જૈનોના ચારે ફિરકાઓએ સાથે મળી સવારે ક્રોસ મેદાનમાં ઉજવી રહ્યા છે. તેનું રમ્ય દશ્ય



પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુ પોતાની લાક્ષણિક શૈલીમાં ભગવાનના ગુણાનુવાદ કરતા જણાય છે.

રાજપાટનો ત્યાગ કર્યો, તપશ્ચર્યા કરી કેવળ જ્ઞાન મેળવ્યું અને જનતાને માનવધર્મ શીખવવા ભારતમાં પરિભ્રમણ કર્યું. એમણે ૪૦ વર્ષ સુધી અવિરત રીતે માનવધર્મ અને આત્મધર્મ સંભોષ્યો અને સમાજને ઉંચે લાવવા પ્રયાસ કર્યો. ભગવાન મહાવીરે અઢી હજાર વર્ષ પહેલાં જે ઉપદેશ આપ્યો હતો, તે આજે પણ આપણા હૃદયમાં જીવંત છે.

જૈનધર્મ એટલે ઇંદ્રિયો ઉપર વિજય અપાવનારો માર્ગ છે. શાંતિ અને સમાધાન માનવતાની સેવામાં છે, ધન કે સત્તાદ્વારા નથી સાંપડતા, એ વાત ભગવાન મહાવીરે દર્શાવી હતી. માનવી પોતે જ કોશિષ કરે તો તે અતિ માનવ બની શકે છે એ જૈનધર્મ શીખવ્યું છે. આત્મ પ્રેરણા અને આત્મ–વિશ્વાસ પેદા કરવામાં જગત ભરમાં આ ધર્મનો મોટો ફાળો છે."

મુખ્ય પ્રધાનશ્રીએ આગળ જતાં કહ્યું: "મુંબઇના ઇતિહાસમાં આજનો દિવસ મહામૂલો છે. ભગવાન મહાવીરની જયંતિ મુંબઇની પચરંગી પ્રજા ઉજવે છે એ મુંબઇ માટે મોટા ગૌરવની વાત છે. એકબીજા પ્રત્યે આદર અને સન્માનની ભાવના રાખવાની મુંબઇની પ્રણાલિકાને આ રીતે ગૌરવ સાંપડે છે. અને એ વાત બાકીના ભારત દેશને માટે પણ માર્ગદર્શક છે. ભગવાન મહાવીરની જયંતિ આપણામાં ધર્મના સાચા મૂલ્યો સમજવાની અને આપણી ભૂલો દૂર કરવાની ભાવના જગાડે છે. માનવીને સત્ય અને અહિંસાની પ્રેરણા મળે એ માટે આવી જયંતિઓનું ઘણું મહત્વ છે. અને હું એવી હાર્દિક અભિલાષા વ્યકત કરું છું કે, ભગવાન મહાવીર આપણને એવી બુધ્ધિ અને શકિત આપે કે જેથી આપણે માવતાની સેવા કરી શકીએ અને દેશની શકિત બઢાવી શકીએ......."

છેલ્લે દિલ્હીથી પધારેલ લાલા ઘનશ્યામજીએ પ્રભુ જીવનની ઝાંખી કાવ્યમાં કરાવી. અંતે નાગરિક સમિતિના પ્રમુખ શ્રી માધવને શ્રી વી. પી. નાયકને ચંદનનો ફૂલહાર પહેરાવ્યો. શ્રી સી. ટી. શાહે એમ. માધવનને અને મગનલાલ પી. દોશીએ એસ. વી. પાગે અને શેઠ માણેકલાલ ચુનીલાલને ફૂલહાર કર્યા.

આભાર દર્શન અને પ્રાર્થનાનાં મધુર સૂરો સાથે સમારોહની પૂર્ણાહૂતિ થઇ હતી.

# મર્યાદા અને શરમ

મર્યાદા અને શરમ....બેય દેખાવે તો એક દેખાય છે. પરંતુ સ્વભાવે અને અનુભવે જુદાં છે.

મર્યાદા સ્નેહ અને શ્રધ્ધાને જીવાડીને કામ કરશે. જ્યારે શરમ હશે ત્યાં સ્નેહ અને શ્રદ્ધા નહિ હોય.

શરમના માર્યા આજે નહિ કરે તે એ આંખની શરમ ચાલી જતાં કરવાના છે....જ્યારે મર્યાદાને માથે રાખીને વર્તનારા પોતાના દિલને પૂછીને જ વર્તવાના છે....

બાપની સાથે શરમ રાખીને નહિ. મર્યાદા સાચવીને બોલજો.

શરમમાં સ્નેહ, શ્રદ્ધા અને ભાવનાનું નહિ કેવળ શરમનું પ્રાધાન્ય હોય છે. જ્યારે મર્યાદામાં સ્નેહ, શ્રદ્ધા અને ભાવનાનું જ પ્રાધાન્ય છે.

મર્યાદામાં મનનું સમાધાન હોય છે. જ્યારે શરમમાં ઘણીવાર વિવેક પણ અંતર્ધાન હોય છે.

શરમમાં અકળામણ હશે. મર્યાદામાં સમજણ હશે.

શરમમાં મુખાકૃતિ બગડી જશે, મર્યાદામાં મુખાકૃતિ મમતાવાળી હશે.

શરમમાં ઉદાસીનતા હશે, મર્યાદામાં પ્રસન્નતા હશે.

શરમને લીધે થતા કાર્યમાં વેઠ હશે, મર્યાદાની સમજ સાથે થતા કાર્યમાં ઉમંગ હશે.

કૃષ્ણશંકર શાસ્ત્રી.

## ● સમાચાર સાર ●

વેદાન્ત સંતસંગ મંડળ અને ગીતા સોસાયટીના કાર્યવાહકો શ્રી હરિકિશનદાસ અગ્રવાલ અને હરિભાઇ ડ્રેસવાળા આદિ આગેવાનોની વિનંતિ થતાં પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીએ એક પ્રવચન માળા પ્રેમ કુટિરના વિશાળ હોલમાં ૧૯ મી સોમવારથી ૩૦ મીના શુક્રવાર સુધી આપી. આ પ્રવચનમાળા હિન્દીમાં હોવાથી સેંકડો સીંધી, પંજાબી અને નિવૃત જજો, વકીલો અને ડોકટરો આદિ અનેક આગળ પડતા માણસોએ શ્રવણોનો લાભ લીધો. સવારના સાડા સાતથી સાડા આઠનો રમણીય સમય હોવાથી એ નિર્મળ પ્રભાતના ગુલાબી વાતાવરણમાં જીવ, જગત અને પરમાત્મા આ વિષયનો પ્રારંભ થતો હતો. આ જીવ કંકરમાંથી શંકર, જીવમાંથી શિવ અને આત્મામાંથી પરમાત્મા કઇ રીતે અને કયા સાધનથી બની શકે તેનું સુંદર વિવેચન અને વિચારણા આ પ્રવચન સ્વાધ્યાયમાં થયાં. પૂર્ણાહૂતિના અંતે પૂજ્યશ્રીને વિદાય આપતાં દેવીદયાલ કેબલ્સના માલિક હરિકિશનદાસજીએ કહ્યું. "પૂ. મહારાજશ્રી આપણા પર કરુણા કરી અહીં પધાર્યા અને ઉપદેશના અમૃતથી આપણા આત્માને નિર્મળ અને સ્વચ્છ કરવા સતત જ્ઞાનધારાને વહાવી. સંતો એ માતા જેવા કરુણાળુ છે. મા જેમ બદામને ફોડીને અંદરના મગજને આપે છે કે જેથી એ બાળકને એ બદામ ફોડતાં કયાંક વાગી ન જાય તેમ સંતો પણ ચિન્તન દ્વારા શાસ્ત્રોમાંથી સાર તત્ત્વ કાઢી આપણને આપે છે. આપણે એમનાં ઉપકારનો બદલો કેમ વાળી શકીએ? આપણે શ્રદ્ધા પૂર્વક કહીએ કે આપે ચિંધેલા માર્ગે ચાલવાનો પ્રયત્ન કરીશું અને ફરી અહીં પધારવાની આપણા પર કૃપા કરો એવી માગણી કરીએ. પૂજ્યશ્રી ત્યાંથી વિહાર કરી ગોડીજીના ઉપાશ્રય પધાર્યા છે.

## ભવ્ય સ્નાત્ર મહોત્સવ

શ્રી બૃહદ્ મુંબઇ સ્નાત્ર મહામંડળના આશ્રય હેઠળ મંગળવાર તા. ૧૩–૪–૬૫ ના રોજ સ્ટા. ટા. ૯–૩૦ વાગે શ્રી. ગોડીજી મહારાજના ઉપાશ્રય હોલમાં પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણક નિમિત્તે ભવ્ય સ્નાત્ર મહોત્સવ પૂજ્ય પાદ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) મહારાજ સાહેબના સાનિધ્યમાં ઘણાજ ઠાઠમાઠથી ઉજવવામાં આવ્યો હતો. ભાઇ બહેનોની ચિક્કાર હાજરીથી ઉપાશ્રય હોલ ઊભરાઇ રહ્યો હતો. મહામંડળના પ્રમુખ શેઠશ્રી રમણલાલ દલસુખભાઇ પ્રસંગ–પ્રસંગ પર સ્નાત્રમાં ભાવ વધે તે રીતે મનનીય વિવેચન કર્યું હતું. સ્નાત્રની મહત્તા અને પ્રભુનો જન્મોત્સવ છપ્પન દિગ્કુમારીઓ તથા ચોસઠ ઇંદ્રો કેવી ભવ્ય રીતે ઉજવે છે તે તેઓશ્રીએ સુંદર શૈલીમાં સમજાવ્યું હતું. શ્રી ગોડીજી પાઠશાળાની બહેનોએ ચૌદ સ્વપ્નાનો તેમજ છપ્પન દિગકુમારીઓનો સુંદર અભિનય કર્યો હતો. હિંમતસિંહ ચૌહાણે ઇંદ્ર સિંહાસનથી શરૂ કરી પ્રભુના જન્મોત્સવ સુધીનો ઇંદ્ર તરીકેનો ઘણોજ ભવ્ય અને આકર્ષક અભિનય ભારત નાટયચૂ શૈલીમાં કરી બતાવ્યો હતો. સુઘોષા વગાડવાના નૃત્યે તથા ન્હાના બાળકોનાં ડાંડિયા રાસના સ્ફૂર્તિમય પ્રયોગે અજબ રંગ જમાવ્યો હતો. શ્રી યંગ મેન્સ વોલંટીયર કોરના વોલંટીયર ભાઇઓએ સુંદર વ્યવસ્થા જાળવી હતી.

બપોરે બે વાગે ભાવ અને ભકિતના ઉલ્લાસમય વાતાવરણમાં સ્નાત્ર મહોત્સવ પૂર્ણ થયો હતો.

## એ પક્ષાઘાત છે !

સંસ્કૃતિ–રક્ષા અને દેશ સેવા ન થાય એ દેહનો પક્ષાઘાત છે.
દાન ન દેવાય એ ધનનો પક્ષાઘાત છે.
અભય ન અપાય એ સામર્થ્યનો પક્ષાઘાત છે.
સમત્વ ન સેવાય એ જ્ઞાનનો પક્ષાઘાત છે.
પ્રસન્નતા ન જળવાય એ મનનો પક્ષાઘાત છે.
નિર્મળતા ન રખાય એ દૃષ્ટિનો પક્ષાઘાત છે.
પોતાનો દોષ ન સમજાય એ બુદ્ધિનો પક્ષાઘાત છે.
ઉત્સાહ ન પ્રગટે એ સત્ત્વબલનો પક્ષાઘાત છે.
શત્રુનું કલ્યાણ ન ઇચ્છાય એ સાધુતાનો પક્ષાઘાત છે.
કલેશમુક્ત ન થવાય એ નિર્વાસનતાનો પક્ષાઘાત છે
પરમાર્થ ન સધાય એ જીવનનો પક્ષાઘાત છે.

—પૃથ્વીસિંહ ઝાલા

## મર્યાદા પુરૂષોતમ

રઘુનાથના જીવનમાં અને કુટુંબમાં મર્યાદાનું સ્થાન અગ્રેસર હતું. તેથી જ માનવતા સુરક્ષિત હતી.

પરશુરામ જ્યારે અમર્યાદિત બોલી રહ્યા હતા ત્યારે તેમની એ અમર્યાદાને અટકાવવા માટે લક્ષ્મણ અધીર બન્યા અને મોટાભાઇને કહી રહ્યા: "મોટા ભાઇ રઘુવંશનો એક પણ માનવ બેઠો હોય ત્યારે આવું અમર્યાદિત બોલનારને સાંખી શે લેવાય?"

ત્યારે રામે આટલું જ કહ્યું: "પણ ભાઇ.... ....રઘુવંશી પોતે પણ અમર્યાદિત હોવા ન જોઇએ ને?!"....આંખમાં અને વદનમાં સ્મિત સાથે રામે કહેલા આ એક જ વાક્યે અકળાઈ ઉઠેલા અને ઊકળી ગયેલા લક્ષ્મણને શાંત કર્યા અને લક્ષ્મણ બેસી ગયા.

આનું નામ મર્યાદા. આવી મર્યાદા જ માનવતાને રક્ષી શકે.

પ્રિય વાચકો,

આપશ્રીને જણાવતાં આનંદ થાય છે કે એક વર્ષ પૂર્ણ કરી "દિવ્યદીપ" હવે બીજા વર્ષમાં પ્રવેશ કરે છે. અમારા આ પ્રયત્નમાં શરૂઆતથી આપ સહકાર અર્પીને, જ્ઞાનની સુવાસના અત્તરના વેપારમાં સહ ભાગી બન્યા છો તે રીતે, આ વર્ષે પણ બનશો તેવી આશા અને શ્રધ્ધા સાથે નવા વર્ષનું લવાજમ નીચેના કોઈ પણ સ્થળે મોકલાવી આપી આભારી કરશો તેવી વિનંતી છે.

તંત્રી

### નવા વર્ષનાં લવાજમ ભરવાનાં સ્થળો

૧. શ્રી ચંદુલાલ ટી. શાહ
લેન્ટીન ચેમ્બર્સ, ચોથે માળે,
દલાલ સ્ટ્રીટ, કોટ, મુંબઇ ૧.
ટે. નં. ૨૫૪૩૭૯

૨. શા. રમણલાલ ગિરધરલાલ
સરખેજ રોડ, અમદાવાદ ૭.

૩. શ્રી કલ્યાણજી વી. મહેતા
૫૨૩, કોટન એકસચેન્જ બિલ્ડીંગ,
પાંચમે માળે, કાલબાદેવી રોડ,
મુંબઇ–૨. ટે. નં. ૨૯૫૮૮

૪. શ્રી દીપક મેડીકલ સ્ટોર્સ
૧૮, એ, સદાશિવ સ્ટ્રીટ, સીક્કાનગરની સામે,
વીઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ–૪.
ટે. નં. ૨૯૪૧૨

૫. શ્રી ગોડીજી જૈન દેરાસર
પાયધુની, મુંબઇ–૩. ટે. નં. ૩૩૩૧૫૬

૬. શ્રી શાંતિકુમાર તલસાણિયા
પાર્વતિ સદન, તિલક રોડ,
ભાનુશાળી વાડીની બાજુમાં,
ઘાટકોપર, મુંબઇ–૭૭.

# શિક્ષણ અને સંસ્કાર

મુનિશ્રી : ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)

આજે દરેકને ધર્મનું ફળ જોઇએ છે, પણ ધર્મ જોઇતો નથી. પાપનું ફળ જોઇતું નથી પણ પાપ છોડાતું નથી. જૂવારને પણ ધાણી બનવા માટે અગ્નિમાં શેકાવું પડે છે. પછી જ તે શ્વેત સુંદર ધાણી બને છે અને પછીજ તે નયનોને ગમે છે. જુવારનો ઢગલો જેટલો સુંદર નથી લાગતો, તેથી વધારે તેની બનેલ ધાણી સુંદર લાગેછે. નયન રમ્ય અને રુચિકર લાગે છે. આવું જ છે માનવનું. સંસ્કાર વગરનો માનવી જુવાર જેવો છે. જેનામાં સંસ્કાર નથી, તેના ખાવાપીવામાં, બોલવાચાલવામાં કે બેસવાઊઠવામાં જરાય ઢંગ નહિ હોય. જીવનમાં, વ્યવહારમાં–સંસારમાં ડગલેપગલે એની જરૂર છે. આધ્યાત્મિક દૃષ્ટિએ સંસ્કારની જરૂર તો છે જ, પણ સાંસારિક દૃષ્ટિએ પણ તેની એવીને એટલી જ અગત્યતા છે.

'કેમ આવ્યો?' 'કેમ આવ્યા?' 'કેમ પધાર્યા?' આ ત્રણ વાકયોમાં કેટલો ફરક છે? વચન એક છે, છતાંય વાણીમાં ફરક છે. સંસ્કારયુકત વાણી માણુસને શોભાવે છે.

સુંદર દાગીનાં પહેર્યા હોય, સુંદર કપડાં સજ્યાં હોય પણ બોલે ત્યારે જાણે હંસના વેશમાં કાગડો!

સંસ્કારી બનવાનું સૌથી પ્રથમ સોપાન છે : ભાષા સુધારણા. ભાષાથી માનવીનું મૂલ્યાંકન થઇ શકે છે.

રાજા, મંત્રી ને દરવાન ત્રણેય સાથે ફરવા નીકળ્યા હતા. રસ્તામાં ભૂલા પડયા. એકબીજાને શોધવા લાગ્યા. રસ્તામાં એક સાધુને બેઠેલા જોયા.

પહેલાએ કહ્યું : 'પ્રજ્ઞાચક્ષુ, આપે અહીંથી કોઇને પસાર થતાં જાણ્યા?'

જવાબ મળ્યો : 'ના ભાઈ, હું અંધ છું.'

પૂછનારે કહ્યું : 'માફ કરજો, મારી ભૂલ થઇ.' તે આગળ ચાલ્યો.

પછી બીજાએ આવીને પૂછયું 'હે સુરદાસ, અહીંથી કોઇ પસાર થયું?'

જવાબ મળ્યો : 'હા ભાઇ, રાજા આગળ ગયા છે.'

ત્યાર બાદ ત્રીજાએ આવીને પૂછયું : 'અબે અંધા યહાંસે કોઇ નિકલા હૈ?'

સાધુએ જવાબ આપ્યો : 'હા, રાજાજી પહેલા ગયા છે, પછી મંત્રી ગયા છે ને તું દરવાન તેમની પાછળ જા.'

આગળ જતાં તે ત્રણે જણા ભેગા થયા. વાત થઇ પેલા સાધુએ રાજા, મંત્રી ને દરવાનને કઇ રીતે ઓળખી કાઢયા એનું એમને ખૂબ જ આશ્ચર્ય થયું. ત્રણેય ગયા સાધુ પાસે. સાધુએ એનો ખુલાસો કર્યો : 'હે પ્રજ્ઞાચક્ષુ' સંબોધનમાં વિવેક-વિનય છે. તે ઉચ્ચ કુળનો, સંસ્કારી હોવો જોઇએ, માટે તેને મેં રાજા માન્યો. 'હે સુરદાસ' સંબોધનમાં પહેલાં કરતાં ઓછું માન છતાં ઉદ્ધતાઇનો અભાવ જણાતાં મંત્રી તરીકે ઓળખ્યો. જ્યારે ત્રીજાના સંબોધન–'અબે અંધા–માં ભારોભાર તિરસ્કાર લાગવાથી એ દરવાન જણાયો.

માટે સમાજમાં, ઘરમાં કે જાહેર જીવન વ્યવહારમાં સંસ્કારી વાણી વાપરો. ફાટેલ તૂટેલ કપડાં ચાલશે, સંસ્કારહીન વાણી નહીં ચાલે. વાણીને સંસ્કારમય બનાવવા માટે વિચારોને સંસ્કારમય બનાવો. વાણી અણધારી આવે છે, માટે વિચારોને તપાસો. તેના પર ચોકી રાખો.

વિચારો ગમે તેમ અથડાય છે. મગજ શાંત રહેવા તૈયાર નથી. બોલબોલ કરીએ છીએ, એથી જ્યાં ત્યાં વાણીનો વિકાર થાય છે. વાણીને સંસ્કારમય બનાવવા વિચારોને સંસ્કારમય બનાવવા જોઇએ.

માણસોને કામ, ક્રોધ, માન-લોભ આવે છે, માટે વિચારો પર સતત ચોકી રાખો. વિચારોને તપાસો. સંસ્કાર–સંપન્ન વિચાર બને તોજ શિક્ષણ દીપે. ભણેલ હોય ને સંસ્કારી ન હોય તો તે વેદિયો છે. માટે વિચાર, વાણી ને વર્તનને સંસ્કારી બનાવો.

આજે માબાપો ફરિયાદ કરે છે : બાળકોમાં સંસ્કાર નથી, તેઓ ઉચ્છૃંખલ બનતાં જાય છે. પણ એ કુસંસ્કાર આવ્યા ક્યાંથી? માબાપનાં સંસ્કાર, વર્તન ને વ્યવહારની છાપ છોકરાઓ પર પડવાની. બાળકો કાર્બન કોપી જેવાં છે. આજે છોકરાઓ માબાપની સામે ગમે તેમ વર્તે છે, બીડી પીએ છે. 'અમારામાં માથું ન મારો' એમ બોલે છે આમ હવેની પ્રજા જુદા જ પાટે જઇ રહી છે, તેનું કારણ માબાપો છે. માબાપ પોતાના છોકરાના સંસ્કાર, શિક્ષણ, કેળવણી પાછળ કેટલો સમય ગાળે છે? બને તેટલા સંસ્કાર ઘરમાં કેળવો. છોકરા માટે તમે કેટલો ભોગ આપ્યો છે? તમે કપડાં ધોવડાવો છો, સુંદર ઇસ્ત્રી પાછળ અર્ધો કલાક ખર્ચો છો વળી ઘડી બગડી ન જાય તેમ સંકેલવામાં અર્ધો કલાકનો વ્યય કરો છો. પણ પોતાનાં બાળકોમાં સંસ્કાર સીંચવા પાછળ કેટલી મિનિટ ખર્ચો છો?

આજે છોકરાઓ પ્રત્યે માબાપો બિનજવાબદાર બની ગયાં છે, માટે બિનજવાબદાર પ્રજા વધતી ચાલી છે ને તેથીજ જુઠાણું, ચોરી, લૂંટફાટ, અનાચાર ને કલહ વધી રહ્યાં છે. ઘરનાં બાળકો માટે કાંઇજ સમય ન આપો તે કેમ ચાલશે?

આ સુંદર દાખલો ભીષ્મ પિતામહનો છે. ભીષ્મ પિતામહ એટલે પ્રતિજ્ઞાની અજોડ મૂર્તિ. વાણી–વર્તન માટે અજોડ. તેમને તૈયાર કરનાર કોણ? માતા ગંગાદેવી. સંસ્કારી માતા કલાકારની માફક પોતાના બાળકને ઘડે છે, સંસ્કારી બનાવે છે. કલાકાર રંગ, પીંછી ને દૃષ્ટિથી ચિત્રને ઉત્તમ બનાવવા ઝંખે છે, તેવીજ અજોડ કલાકાર માતા છે. તે ગંગાદેવીએ અનેક શરતો સાથે શાંતનુ સાથે લગ્ન કર્યાં હતાં. સદાય સત્ય બોલનાર રાજાને એક વખત શિકારેથી પાછા ફરતાં ગંગાદેવીએ પૂછયું :

'કયાં જઇ આવ્યા ?'

શાન્તનુ જુઠું બોલ્યા : 'ફરવા ગયો હતો.'

ગંગાદેવીએ કહ્યું : 'શરીર પરના રક્તના ડાઘાથી ફલિત થાય છે કે આપ શિકારે જઇ આવ્યા છો. આપે વચનભંગ–પ્રતિજ્ઞાભંગ કર્યો, માટે હું આપને ત્યાંથી વિદાય લઇશ.'

સ્ત્રી એક શકિત છે. તે શકિત સ્વ અને પરને સારા માર્ગે વાળવા માટે છે. મહાન ભાખરા–નાંગલ બંધ તૂટે ને પારાવાર નુકશાન કરે, તેમ માણસનો નિયમ તૂટે તો તેથીય વધુ નુકશાન થાય. સંસ્કાર, શિક્ષણ ને સદાચારની સ્ત્રી પોષાક છે. પતિનો નિયમભંગ થતાં પોતાના સુખવૈભવ ત્યજી એ ચાલ્યાં ગયાં. પછી પિતાને ત્યાં ન રહેતાં, પિતાના ઉપવનમાં નાનકડું મંદિર બંધાવી ત્યાં રહ્યાં. સંસ્કારને ખાતર સુખની તીવ્ર ઝંખનાને લાત મારી. અર્ધા ભૂખે રહ્યાં, પણ સંસ્કાર ન છોડયા.

ત્યાં ચાર મહિના પસાર થતા. પુત્રનો જન્મ થયો. નામ પાડયું ગાંગેય. ગાંગેયમાં અનેક સંસ્કારોનું સિંચન માતાએ કર્યું. ગાંગેયને વીર બનાવવા પ્રયત્ન આદર્યો. મા એટલે સંસ્કારથી, સંયમથી શિક્ષણથી સદાચારથી બાળકને ઘડનાર શિલ્પી.

કપડાં ધોવા કેટલો સાબુ જોઇએ છે? તો તનનો ને મનનો મેલ ધોવા સંસ્કારના સાબુની જરૂર છે. આલિશાન ઇમારત ફરનીચર કે ઠાઠમાઠના દેખાવથી માનવતા નહિ આવે. મહાન બિલ્ડીંગમાં મેં વામણા જોયા છે. એમને જોઇ દયા આવે છે.

આવા મહાન મકાન, આવા વૈભવશાળી રાચરચીલામાં મન તો જાણે સાવ નાનકડું! સંસ્કારસંપન્ન વિના શિક્ષણ નકામું છે. બાળકોમાં જરૂર છે' સંસ્કાર-સિંચનની, સંયમ ને સદાચારયુકત શિક્ષણની, સંસ્કાર ન પોષનાર માતાપિતા બાળકનાં હિતશત્રુ છે. એક સંસ્કારી પુત્રથી માતાને જે આનંદ થશે, તે અસંસ્કારી દશ પુત્રથી નહિ થાય.

આજે લોકોને મહાપુરુષોનાં ચરિત્રો યાદ નથી. માટે અમારે વારંવાર તે યાદ કરાવવાં પડે છે

માતાએ ગાંગેયને શૌર્યવાન, કળામાં કુશળ અને અસ્ત્રશસ્ત્રમાં પ્રવીણ બનાવ્યો. આ માયકાંગલાં બાળકો જોઇ દયા ન આવે? દયાથી જીવતાં એ બાળકો શું કરશે? વીર્યહીન પ્રજા સંસ્કાર, સંયમ, શિક્ષણ કેમ સાચવશે?

ગાંગેયનાં તેજ, તાકાત, કૌવત વધતાં ચાલ્યાં. માની આજ્ઞાને તે અનુસરે છે. ઘોડે બેસીને જંગલમાં જાય છે. પાછો આવી માને પગે પડે છે. આશીર્વાદ મેળવે છે.

ગાંગેયને માતાએ કહ્યું: 'બેટા, અહીં આસપાસના વાતાવરણમાં કોઇ પ્રકારની હિંસા ન કરવી, ને થવા પણ ન દેવી.'

માતાનું આ વચન માથે ચઢાવી, ગાંગેય જીવનમાં પ્રગતિ કરે છે.

શિકાર કરતાં કરતાં હરણીની પાછળ પડેલા શાંતનુ એક વખત આ બાજુ આવી ચઢયા. હરણ તો નાસી ગયું, પણ સામે હાથ ઉંચો કરી ગાંગેય ઊભા રહ્યા. ગાંગેયના અવાજથી-રણકારથી શાંતનુ જેવા સમ્રાટ પણ થંભી ગયા. પાછા હટી ગયા.

કારણ? અવાજ હતો સંયમી યુવાનનો. સંયમી જીવનમાં ઓજસ, તેજ, રણકાર ને વ્યકિતત્વ જન્મે છે.

શાંતનુ બોલ્યા: 'મને રોકનાર તું કોણ? હું સમ્રાટ છુ.'

ગાંગેયે સ્વસ્થ મને જવાબ આપ્યો: 'મહારાજ, આપ જગતના સમ્રાટ હશો, પરંતુ હું આ ભૂમિની મર્યાદાનો સ્વામી છું.'

ચર્ચા વધતાં, શાંતનુની આંખો લાલ બની. શાંતનુએ પણછ ચડાવીને બાણ છોડયું ત્યાં તો ગાંગેયના બાણે આવી ધનુષ્યના ટુકડા કરી નાખ્યા. તલવાર ઉપાડતા શાંતનુંને ગાંગેયે કહ્યું: મહારાજ, હિંસા ન કરવાનો નિયમ લેનાર હું આ બાણથી આપનો હવે મુગટ ઉડાવુ છું. તલવાર ખેંચવા કરતાં મુગટ સાચવી લો.'

ત્યાં તો ગંગાદેવી આવી પહોંચ્યાં. પુત્રને શાંત કર્યો. ગાંગેય માતાને ચરણે પડયો. શાંતનુ આશ્ચર્ય પામ્યા: 'આ મારી પત્ની! તો આ કોણ?'

માતાએ કહ્યું: 'બેટા, આ તારા પિતા છે. એમનાં ચરણોમાં પગે પડ ને ક્ષમા માગ.'

શાંતનુને પશ્ચાત્તાપ થાય છે. પત્નીની માફી માગે છે. પગે પડવા જાય છે, પણ આર્ય સ્ત્રી પતિને પગે પડવા દે ખરી? એ તો સંયમી, સંસ્કારી ને સદાચારી છે. શાતનુનો ગર્વ ગળી જાય છે. તેને ખૂબજ પશ્ચાત્તાપ થાય છે. ગંગાદેવીને આગ્રહપૂર્વક ખુબ સન્માનથી-સત્કારથી નગર પ્રવેશ કરવા વીનવે છે.

આમ એક માતાના શિક્ષણે ભીષ્મ પિતામહમાં ઉત્તમ સંસ્કાર સીંચ્યા ને વિશ્વવંદનીય બનાવ્યા. માટે સંસ્કાર વગરનું શિક્ષણ તેલ વગરના દીપ સમાન છે. શિક્ષણ અને સંસ્કાર જીવનરથનાં બે ચક્ર છે. સંસ્કાર, સ્વચ્છતાને સુંદરતાની જીવનમાં આવશ્યકતા છે. બાહ્ય હશે તો આંતરિક જન્મશે. અને આંતરિક તથા બાહ્ય સ્વચ્છતા આપણને પ્રભુતા પ્રતિ લઇ જશે. 'Cleanliness is next to Godliness. સ્વચ્છતા રાખો. તન, મન અને આત્મા-ત્રણેને નિર્મળ ને સ્વચ્છ રાખો.

ત્યાં હશે શિક્ષણ અને ત્યાં હશે સંસ્કાર.

卐

મુદ્રક, પ્રકાશક અને સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે મહેશચંદ્ર પ્રીન્ટર્સ મુંબઇ નં. ૨. માં
છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે "કુમકુમ"
સ્વામિ વિવેકાનંદ રોડ, મુંબઇ નં. ૫૬ માંથી પ્રગટ કર્યું છે.